કોરોના વાઇરસ (COVID-19) સંબંધિત ખાસ ખરીદ સમિતિની પુન:રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ:- એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૧/ગ
તા. 11 JAN 2022

**વંચાણે લીધાં:**

(1) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામાં ક્રમાંક:એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦

(2) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/03/૨૦૨૦નો ઠરાવ

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૨/૦૬/૨૦૨૧નો ઠરાવ

**ઠરાવ:**

રાજયમાં કોરોના વાયરસની રોગ અટકાસયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના વિચાણે લીધા ક્રમ (૧) પરના જાહેરનામાંથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" જાહેર કરેલ છે.

નોવેલ કોરોના વાઇરસ (COVID-19)ના સંક્રમણની પરિસ્થિતિમાં જરૂરી તમામ દવાઓ, સાધન સામગ્રી (ઈક્વીપમેન્ટસ) માનવબળ અને તમામ અન્ય કોઈપણ જરૂરી વસ્તુઓ/સેવાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર રાજય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૨) ના ઠરાવથી ખાસ ખરીદ સમિતિની રચના કરવામાં આવેલ છે.તથા વંચાણે લીધેલ ક્રમ-(૩) ના ઠરાવથી ખાસ ખરીદી સમિતમાં આંશિક ફેરફાર કરવામાં આવેલ છે.

તા.૨૧/03/૨૦૨૦ના આ ઠરાવથી રચવામાં આવેલ તથા તા.૨૨/૦૬/૨૦૨૧ના ઠરાવથી ફેરફાર કરવામાં આવેલ ખાસ ખરીદ સમિતિની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લેતા આંશિક ફેરફાર કરીને નીચેની મુજબની ખાસ ખરીદી સમિતિની નીચે મુજબની શરતે પુન:રચના કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | શ્રી પંકજ જોશી ,અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય | અધ્યક્ષ |
| (૨) | શ્રી મનોજ અગ્રવાલ, અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| (૩) | શ્રી જે.પી.ગુપ્તા, અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ | સભ્ય |
| (૪) | શ્રી હારિત શુક્લા, સચિવશ્રી, પ્રવાસન અને દેવસ્થાન મેનેજમેન્ટ, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ | સભ્ય |

| | | |
|---|---|---|
| (૫) | શ્રી જય પ્રકાશ શિવહરે, સચિવશ્રી(જા.આ. અને પ.ક.) વ કમિશનર (આરોગ્ય, ત.સે અને ત.શિ. ) | સભ્ય |
| (૬) | શ્રી રાહુલ ગુપ્તા, ઉદ્યોગ કમિશ્નરશ્રી | સભ્ય |
| (૭) | શ્રી પ્રભાવ જોષી, મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, GMSCL | સભ્ય સચિવ |

આ ખાસ ખરીદ સમિતિ કોવિડ સંબંધિત વસ્તુઓ/સેવાઓની ખરીદી સંદર્ભે હાલની અમલી ખરીદનીતિ તથા અન્ય ખરીદીને લગતી પ્રક્રિયાઓને અનુસર્યા સિવાય તાત્કાલિક સંજોગોમાં જરૂરી જણાય તે તમામ દવાઓ, સાધન સામગ્રી(ઈક્વીપમેન્ટસ) માનવબળ અને તમામ અન્ય કોઈપણ જરૂરી વસ્તુઓ/સેવાઓ યોગ્ય ભાવે લઈ શકશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૧૦/૦૧/૨૦૨૨ની નોંધથી માન.મુખ્યમંત્રીશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ એન. પટેલ)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

<u>નકલ રવાના:</u>

1. માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મંત્રીશ્રી (આ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ
5. અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
6. સચિવશ્રી, પ્રવાસન અને દેવસ્થાન મેનેજમેન્ટ, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ
7. સચિવશ્રી(જા.આ. અને પ.ક.) વ કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. મેનેજીંગ ડાયરેકટરશ્રી,એન.એચ.એમ., ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. ઉદ્યોગ કમિશ્નરશ્રી,બ્લોક નં.૨, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
10. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, જી.એમ.એસ.સી.એલ,બ્લોક નં.૧૪, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
11. સર્વે કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
12. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
13. તમામ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ
14. એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
15. સીલેક્ટ ફાઈલ-૨૦૨૨